शुरवीर जयमल राठोड

नाटकमां गवातां गायनो.

રચનાર.

જોશી. ભીખારામ શવજી-કનૈયા.

ભાવનગર.

ખાસ જુનાગઢ ધી વસંતવીલાસ નાટક
મંડળીને માટે.

આવૃત્તી પેહેલી.

અમદાવાદ.

ઘીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યાં.

સને ૧૮૮૯. સંવત ૧૯૪૫.

કીંમત એક આનો.

૩૯૫૮

શુરવીર જયમલ રાઠોડ.

નાટકમાં ગવાતાં ગાયનો.

(સર્વ પાત્રો—શંકર સ્તુતી)

(તું ન કુમલા જીયરવા ઓ પીતા મોરા. એ રાગ.)

કાર્ય સુફળ કરજો, હે ભોળા શંભુ. ટેક.
આપ આશાયે ખેલ આદરીયો, વીઘ્નો આવીને હરજો;
છે રૂદ્રમાળા ગલે, મૃગછાલા, વીનતી અંતરમાં ધરજો;
શીર પર ગંગા શ્રેષ્ટ બીરાજે, વંદન સુણી વીચરજો.
ભીખન શેવક ભાવ થકી કહે, અમૃત વાણી આદરજો.

માલદેવ જેમલ ઉપર દગો રચવા રામજી હજામને કહેછે.

માલદેવ—(અરે જોગી તું લે ભીક્ષા, લઇને માર્ગે તારે જા. એ)
નગરવિશે ચંપાવ્રક્ષ જેનો, બહોળો વિસ્તાર પામ્યો તેનો;
અતી દુઃખદાઈ કાપો છાનું, ભાળી ગુણવંત હું માનું.

રામજી—અરે માલદેવ ન મન આણો, જેમલ કદી મરે નહીં જાણો.
છંછેડતાં સીંહ ખરે ખીજયો, જનુની જણેલ નથી બીજો;
ઘટે નહીં આપને તેવું, અકૃત્ય હું કરૂં નહીં એવું.
ભરૂં નહીં પાપનું પગલું, દયા તણું મેં ભર્યું ડગલું.

માલદેવ— (રાજા હું મેં કોમકા. એ રાગ.)
નીમક હરામી નાપીક તુજને, શું કહું વારંવાર;
અમુલ્ય અરસામાં કરે તું, માન શુકન આ વાર.

રામજી—અચરજ લાગે અંગમાં, અતી દિલમાં થાય વિચાર;

પસ્તાવો તમને થશે, હું સત્ય કહું નીરધાર.
આપ તણું મૃત્યુ થશે, તે કોણ ઉચકશે લાશ;
ચાર વિના પેદા કર્યા છે, કોણ અવલ તમ પાસ.

માલદેવ— (ધરસે યાંન કોન ખુદાકે લીગે લાંયા મુજકો.)
અરે નાદાન તું હજામ, છો ગુલામ મારો;
મારૂં મૃત્યુ ઇચ્છે છે, દીલમાં બીચાર ધાર્યો;
અરે ભીમસીંહ પેહેલું, શીશ આનુ કાપો અહીં;
પછી જેમલનું શીશ, કાપવું સંકેત જઇ.

રામજી— (ધારતીથી) કેરબો.
મારો બાવારચ છે એવો, હે મહારાજ સુણો રે; ટેક.
મોઢે બોલ્યાથી તો કદી, જેમલ નહીં મરનાર;
માટે યુક્તી નવીન રચીને, મારો તેને ઠાર. મારો.
સજાયાને ઝેર ચડાવો, કરૂં હજામત સંગ;
જેમલ જીવ નીકળશે, ચડશે ઝેર હળાહળ અંગ. મારો.

એમ કહી ઠરાવ કરી રામજી જાય છે ને જયમલ અને તેની માતા સાથે કેટલુંક ભાષણ થતાં છેવટ સજાયા ખોળામાં નાખીને.

દોહરો.

રામજી—છોડ્યા મેં આ વખતમાં, જેમલ જશ દાતાર;
માટે જાઓ મોશાળમાં, અળગા થઈ આ વાર.

પછી જેમલ મોશાળ જાય છે.

જેમલ પાર પડી ગયો જાણી માલદેવ ગાદીએ બેઠો અને જયમલે અગાઉ પોતાના મામા પર પત્ર લખેલ તે વાંચી

તેડાવી ઉતારો આપ્યો અને હોળીની રમત રમતાં જેમલ-ને શોક ઉત્પન્ન થયો તેથી બુઢા અખુ ચારણને બુંદીકોટા તરફ રવાના કર્યો. તે જઇ છત્રસાલને કાગળ આપેછે તેથી—

છત્રશાલ— **રાગ ક્ષત્રી કલંકનો**

જઈ મોશાળ ટુકડા ખાય, ધીઃકાર ક્ષત્રી બીજ ધારૂં રેઃ
ધીઃક પાણી તું કાર્યું પાય, એ દીવા વાંસે છે અંધારૂં રે.
ધીઃક શુરો નાસીને જાય. ધીકાર.
કરે કાયર હરનીશ કાય, ધીકાર.
શશી વદની છે રાજ કન્યાય; ધીકાર.
કેમ કરીને ત્યાંહી સમાય, ધીકાર.
તે તો તુંકાર્યું નહીં પીએ નીર; ધીકાર.
ગરજવાનની બુદ્ધિ ન સ્થીર, ધીકાર.
માગણ જુઠા બોલી છે જાત. ધીકાર.
અન્ય સ્થળ જઈ કરે ઉતપાત, ધીકાર.
બેસે હાડા કુળને કલંક; ધીકાર.
થશે જેવા લખ્યા હશે અંક, ધીકાર.

(કેટલુંક અપમાન કરી ઉતારો આપે છે ને અખુચારણ ચાલતો થાય છે.)

શશી વદની એક દાસી મોકલી તેને પોતાના રાજમેહેલ-માં બોલાવે છે ત્યાં આવીને શશીવદની પ્રત્યે—

અખુચારણ—(ઓ કુદરતના કરનાર ખલકના સ્વામી. એ)

હે હાડા પુત્રી સુણો તેડાવ્યાં અમને;
તમ પીતા ધર્યો છે ક્રોધ, દેખીને અમને;

જયમલ ઝુરે તમ માટ, ધીર નથી ધરતા;
એક પ્યારી વીનાનું, વચન બીજુ ન ઉચરતા..

શશીવદની કાગળ વાંચીને અને સમાચાર પુછીને તેને ઉતારે લોકો લાવીને સખી પ્રત્યે વાત ચીત કરેછે ત્યારે—

સહીયર—(સહીયર દુઃખ શું દાખવું. એ રાહ.)

વહાલી સહીયર સુણો વીનંતી, ધર અંતર ધીર;
સારૂં કરશે શ્રી રામજી, ગુંણી છો તું ગંભીર. વહાલી.
પ્રાણનાથે પત્ર મોકલ્યો, તને તેડાવી ત્યાંય;
સાસરવાસે જતાં નથી, ખરે ખોટ કદાય. વહાલી.
દાડા હઠીલા જાણીને, સમજાવી સદાય;
હશીખુશીથી શીખ લઈ, પછી થાઓ વીદાય. વહાલી.
સાસર કેરી સુળી ભલી, જાણો જગતની માંય:
પીયર તણી બુરી પાલખી, વેદ વાક્ય સદાય. વહાલી.

પછી શશીવદની જવાનો દિવસ નિશ્ચય કરી પોતાની માતુશ્રી પાસે જઈને તેના પ્રત્યે—

શશીવદની—(તું ન કુમળા છોયરવા. એ રાહ.)

જાવું જરૂર સાસરીયે, હે માતા મોરી. ટેક.
અખુને મોકલ્યા તેડવા કારણ, ધારણ હૈયામાં ધરીયે,
મારા પીતાજી ગુસ્સે થયા છે, વીખડાં ખાઇને મરીયે.
પ્રભાતમાં આ બુંદીનું પાણી, જાણી હરામ કરીયે,
જવા રજા હું માગુંછું જનુંની, આપો રજા વિચરીયે.

રાણી— **આશાગોડી.**

સાસરીયું લાગ્યું સારૂં, બેની તુંને, સાસરીયું લાગ્યું સારૂં,

તાપ પીયરમાં લાગ્યો તુજને, ક્ષત્રી બી કર્યું ખારૂં;
હાડાપુત્રી હઠ તું તજીદે, કરતું મારૂં વાર્યું,
તુજ પીતાને ખબર પડી તો, શીશ ઉડાડશે તારૂં;
માટે આવી વાત તજીદે, વીધવીધ તુજને વારૂં.

શશીવદની—(ચંદ્રમુખીને એકલી છોડીને હું આવ્યો અહીં)

અબુની સાથ છે જવું, બુંદીનું નીર હરામ છે. ટેક.
પ્રભાતમાં પંથે પડું, વિશેશ સુખ છે વડું,
પીયુ મારાને જઈ મળું, આ શીર જાય સદાવડું;
માટે પીતાજીને કહીં, રજા અપાવો માતજી;
સતી તો શોભે સાસરે, જરૂર જોડું હાથજી.

તેની માતુશ્રી છત્રસાલને વાત કહી બતાવે છે ત્યારે છત્રસાલ શશીવદનીને બોલાવી તેની ખુશીપર ધારેલી મુદતે મોકલાવી હરીસીંહ દીવાન સાથે નીમી મોકલ્યો તે કુંભળમેર આવ્યા પછી જેમલ પોતાની મામી સાથે હોરી રમતાં

રાગ ક્ષત્રી કલંકનો.

મામીએ કઠોર વચન કહ્યાં તેથી જયમલ હરીસીંહ પ્રત્યે—

જયમલ—ત્રીયા મુલછે ત્રણ બદામ, તુંકાર્યું નીર કેમ પીયું રે.
કુડાં વાક્ય દીએ દીલ દામ, તુંકાર્યું૦
નીરલાજે રાઠોડનું નેટ. તુંકાર્યું૦
પ્રીયા નામે ભરેછે પેટ. તુંકાર્યું૦

હરીસીંહ— ઠુંમરી ભેરવીની ચાલમાં

(મેંતો શાહજાદેકું ઢુંઢન ચલીયાંરે. એ રાગ.)

મહારાજ ધૈર્ય તમે ધારોરે; ટેક.
પ્રીયાની બુદ્ધિ પાનીયે જાણો, વેદ તણા છે વીચારોરે,

દુઃખ સુખકેરા દસકા આવે, મુળ વીચાર એ મારોરે;
ધીરજનાં ફળ મીઠાં આવે, ઊતાવળે નથી આરોરે,
જગત રૂપી આછે ફુલવાડી, શોભ કરેછે શૃંગારોરે.
દેખી કમળ મનમથ ઉર ડોલે, આખર ખેલછે ખારોરે.

જેમલ દુપટો ઓઢી સુતોછે ત્યાં—

શશીવદની— રાગ ગોપીચંદનો.

નથી રહેવું આંહી, નીશ્ચે જાણોને મારા નાથજી. ટેક.
અસલ આપણી ભોમી અંદર, ચાલો તમે સ્વામીનાથ;
બનવા કાળે સર્વ બનેછે, ઉદય અસ્ત પ્રખ્યાત. નથી.
વાલા નથી મોસાળ વરતવું, જઈએ આપણે ગામ;
સુખ તરૂવર છોડો પરહદનું, નીશ્ચળ રાખો નામ. નથી.
દાસી તણાં દીન વચનો દેખી, રૂદે ન ધરશો રીસ,
હાડાપુત્રી કદી હઠે નહીં, હણું શત્રુ હરનીશ. નથી.
મામીનાં મેણાં નીત ખાવાં, દીલ લગાડે ડાગ;
ચુડી પહેરો તમે હાથમાં, કલંક કાળો નાગ. નથી.
હાડી જાત હઠે નહીં પાછી, કરૂં યુદ્ધમાં કેર;
તમે ઓઢણી ઓઢોને હું, હાથ ધરૂં સમશેર. નથી.
ઝાડું કાઢે જંગલમાંહી, નાથ ગણો નીરવાણ;
ચાય મકોડા થરથરી ભેળા, જંગ મચાવું જાણ. નથી.

બીહાગની ગઝલ.

જેમલ—છંછેડ્યો તેં મોટો મણીધર, ક્રોધી કાળો નાગ;
ફુંફાટેથી પર્વત ફાડું, અંગ ઉઠેછે આગ.
તારાપરથી તન આ સત્વર, વેરીનો કરૂં વિનાશ;

હામ હૈયાનીમાં અતીશય, તુરત પમાડું ત્રાસ.

પછી ત્યાંથી મેડતે જઈ લડાઈ કરી માલદેવને હરાવી (જેમલ ગાદીપર બેઠો ત્યારપછી જેમલપર કંકોત્રી બુંદી-કોટાથી આવી ત્યારે તેની સ્રીત્યાં જવા આગ્રહ કરેછે તેથી)—

જયમલ—(જનુંની જીવો રે ગોપીચંદની. એ રાગ.)

હાડી હઠ તું તજને હવે, મારો રીપુ માલદેવજી;
પોંખ્યે પાણી જશે પ્રીયા, નીર મોભ ચડે નેવજી, હાડી.

શશીવદની—તમ કાકા કેરૂં પુંખણું, કદી નથી કરનારજી;
બુંડી કામે લગાડીને, પુંખાવું પરબારજી. તમ.

જયમળ—હઠ લેશે હાડી સાંભળો, કરો ઈલમ તમે કોટજી;
લગનમાં મગન થઈ મને, ખરે બેસસે ખોટજી, હઠ.

શશીવદની—પ્રાણનાથ તમે પકું કરી, માથે બેસારૂં નમેશજી;
વીઘ્ન પડાવું હું વાતમાં, એમાં નહીંજ અંદેશજી; પ્રા.

જયમલ—દક્ષ ઘરે યગ્ન થઈ જુવો, તેમાં નહીં ઉમા ત્યાંઈજી.
યગ્ન મંડપમાં ક્રોધે ચડી, સતી ગયાં સમાઈજી; દક્ષ.

શશીવદની—આગ્ના ઉલંઘન કરી સતી, ગયાં દક્ષને ઘેરજી,
આમંત્રણ નોતું એહને, તેથી વરતાયો કેરજી. આગ્ના.

જયમલે રજા આપી હરીસીંહને સાથે મોકલ્યો ને બું-દીકોટા ગયા.

માલદેવ—(સ્વગત) (**ઇંદ્રવિજય**) શીયાનો કનરો.

જેમલ જોબનવંતી શશીવદની નીત નેનનું બાન ચડાવે;
ઇંદ્ર પરી અવતાર ધર્યો, મહી, શંકર ધ્યાન સમાધી ચુકાવે;
આપું ખરે જઈ દીલ્લી નરેશ જરા પળ લાગ લગારજ આવે,

માન મળે મરજાદ વળે શુભ, શીતલ છાંય વળે જશ ગાવે.

એમ કહી જાય છે ને જાન લઈ આવે છે ત્યાં શશીવદનીનું પોખણું માલદેવ માગે છે તેથી છત્રશાલ શશીવદનીને પોંખવા કહે છે તેથી—

શશીવદની—(પીતા પ્રત્યે) **રાગ ક્ષત્રી કલંકનો.**

ધીઃક ધીઃક હાડા ધીક આજ, અવળો શું ઉપદેશ કરો રે;
લુંટાવો ન રાઠોડની લાજ, પીતાજી ઉર વેણ ધરો રે.
આપ મરજી હોય જો આમ, અવળો.
હાડા કેરું છે પાણી હરામ; પીતાજી.
ધીઃક દુશ્મનને હું વધાવા જાઊં. અવળો.
કપટી નીર્લજ નાર કહેવાઊં; પીતાજી.

પછી બાગમાં જઈ તેની સખી પ્રત્યે—

શશીવદની— **આશાગોડી.**

ધર્મતણું ડગ ભરીયે, શાણી સખી, ધર્મતણું ડગ ભરીયે. ટેક.
શુદ્ધ પતીવ્રત સાંચવી આજે, વીખડાં ખાઇને મરીયે. શાણી
સ્વામી આજ્ઞા શીર ચડાવી, ધ્યાન પતીનું ધરીયે, શાણી.
શીવ બરાબર સ્વામી સેવી, વૈકુંઠપુરમાં વિચરીયે; શાણી.

(જોડી તમે ના જોઇ માડી એ રાગ)

જાન સામૈયું વર જોઇ; (૨)
કરો પુંખાણું માલદેવનું, કળે નહીં કોઇ.
દાસી જઈ પુંખે વરરાજા; (૨)
સ્ત્રી ચરીત્રની અંદર જાણો, જુવે ન જન ઝાઝા.

દાસી— **આશાવરી જોગીયો.**

ફીકર ઘણી છે બાઈ અમને, હૈયામાં અતી હામ;

કળી શકે નહીં કોઈ મનુષ તે, કરવું એવું કામ,
દુસ્મન તેહ તમારો દેખી, સદા રહો સંતોષ;
શીંહ બચ્ચાંને શીખવું પડે નહી, બનો નહીં બેહોશ.
બુંદીકોટા હઠીલા હાડા, નીર્મળ પીધાં નીર;
તે નીર લક્ષ વસા ન લજવીએ, માટે ધારો ધીર.

હરીસીંહ પ્રત્યે શશીવદની. **રાગ ક્ષત્રી કલંકનો.**

શશીવદની—નથી રંડાણી ભારત ભોમ; હાડાપુત્રી કદી ન હઠે રે.
તેગ ધરવા ઉભા થાય રોમ, ઘરમાં છુપ્યાથી માન ઘટે રે.
મોળે ચીભડાં ચપુ કરે કામ, હાડા.
તેમ મોળી નાખું હું તમામ. હાડા.
સીંહણ ફાળ ભરીને શીયાળ, હાડા.
પકડે પંજા મહીં શુરો બાળ. હાડા.
મારા હૈયામાં લડવાની હામ, હાડા.
ટેકી પડીને મારું આણું ઠામ. હાડા.
ભુખી તેગને આપીશ ભોગ, હાડા.
કેમ કરીને થાશે સંયોગ. હાડા.

હરીસીંહ—(નાથ કૈસે ગજકો બંધ છુડાયો. એ રાગ.)
અરે પ્રાણ પુત્રી સુંણો વાત મારી,હાડ પીંજર કાયા આ તારી. ટેક.
ખોપરી મારીનો થાળ કરી અને, આરતી આજ ઉતારી;
માથા સાટે માલખજાના, હામ નથી ગયો હારી. અરે.
ચંદ્ર ફરે કદી સુર્ય ફરે નભ, મહાસાગર જળ બારી;
વીશ્વાસેથી વહાણુ ફરે છે, ફરૂં નહીં કોઇ વારી. અરે.

શશીવદનીએ પુંખણું ન કર્યું તેથી લડાઈ થાય છે ને તેમાં શશીવદની તલવાર ધારણ કરી આવીને માલદેવને પકડી લીધો ત્યાં—

શશીવદની—(માલદેવ પ્રત્યે) **લાવણી** (દક્ષીણી રાહ)

દુષ્ટ જા ધરે, જીવતો તું અત્યારે રે;
સીંહણ બાળ, ભરીને ફાળ, કુળને ગાળ;
બેસવા આળ, ઠગાશું મનમાં ધારે રે. ટેક.
મીંઢોળ ભરીયો તુંજ, જો મારૂં આ વારે રે;
એની છે બાળ, ઉડે છે જવાળ, નફટ ન્યાળ,
બેઠાની ડાળ, કાપવા વિચારે રે. દુષ્ટ જા ધરે.
નથી મુવા પક્ષા, ગોત્ર લજાવ્યું ભારેરે;
મુકાવી લાજ, દીલમાં દાઝ, ધીકછે રાજ,
જીવતું આજ, ડરૂં ન તારે ડારેરે;
તુજ જેવા તમામ, ખીસ્સામાં છે મારેરે,
કરીને નાશ, પમાડું ત્રાસ, અંગ આશ;
ખોળીને ખાસ, વીંખી નાખું આ વારેરે,
દયા આવેછે દીલ, જડયું થોભી જયારેરે.
ગોત્રહત્યાય, થાય અન્યાય, છોડુંછું આંય,
ધીક મનાય, તેગ ન ધરવી તારેરે;
પીઠી ભરીયા પ્રાણ, પરણવાને પ્યારેરે;
પુરૂંછું આશ, છઊં નીરાશ, પ્રભુનો ત્રાસ,
પુરો પ્રકાશ, છે અતીશ મારેરે.

માલદેવ—(નમનતાઈથી) અધબીચ મહોબત તોડી." એ રાહ.

માફ કરો અપરાધ માતજી, બહુ ગુજારી માથે;
છો સતીરૂપ (૨) જે જાણી રજપુત જાતે.
હવે છોડો માત, (૨) તો પરણું જઈ હું પ્રીતે;
આપ મને આ વખત ઉગારો, ગુનો કર્યો બહુ રીતે.
પતીવ્રતા તમે, (૨) લોપ્યું નહીં સત્ય લગારે;
સીંહણ કેમ શીકારી હાથે, આવે હીંમત ધારે.
કીર્તીનો કોટ, (૨) આ ચણાવ્યો બુંદીકોટા;
દયા લાવીને મુજને છોડો, માન મુકે છે મોટા.
આ દુષ્ટ કામ (૨) મેં કરવા હીંમત ધારી;
એનું ફળ આ પામી આખર, ખાસ મળ્યો ખુવારી.
(છોડીમુકેછે પછી માલદેવ જગમાલને કાગળ લખેછે.)

માલદેવ— **શીખરણી.**

અરે બેટા મારા, તરૂણી તુજ તેગે વીચરવા,
હરીસીંહે હાથે, અરૂપણ કરોને ઉગરવા;
જઈને હું દીલ્હી, પુંખણું કરવા પ્રાણ અરપું,
સીમાડો છોડીને, ઝટપટ કરો ખોળુંખું રિપું.

જયમલ સર્વેનો મત લઈને પાછો કાગળ લખેછે, પછી બંનેનું યુદ્ધ થાયછે ને જયમલ જીતેછે. માનસીંહ જેપુર વાળો હસનબેગદુતી અને ટોડરમલ અકબર પાસે જઈને કહેછે કે જેમલ પાસે ચાર ચીજ ઊંચા પ્રકારનીછે, જુવો—

દોહરો.

સંદલ પદમણી પુત્રીછે, કનું ચીતાની દોડ;
હેમરને હસ્તી ભલો, જગમાં મળે ન જોડ.
(અકબરનો મત લઈ માલદેવ કાગળ લખેછે.)

રાગ ક્ષત્રી કલંકનો.

યુગ ભાગી અડગ અતીભુજ, જલદી મને જવાબ આપોરે;
જનમ્યો શ્રેષ્ટ નક્ષત્રે તુંજ, સુરાતણી આ છાપ છાપોરે;
નવકોટી મોટી મારવાડ. જલદી.
સરકર્યું તારી વાગે રાડ. જલદી.
ચાંદી ગાળી પાયા પુરી ખાસ. જલદી.
બુરજો ચણ્યા અડકે આકાશ. જલદી.
એને અમર રાખવા કાજ. જલદી.
ચાર વસ્તુ સોંપોને આજ. જલદી.
સંદલ પુત્રીને કનુંચીતો એજ. જલદી.
હસ્તી અશ્વ અનુંપમ એજ. જલદી.

(કાગળ ઇશ્વિરસિંહ વાંચીને જયમલ પ્રત્યે.)—

ઇશ્વરસીંહ— રાગ ક્ષત્રી કલંકનો.

નથી પહેરી ચુડી અમે હાથ, વીપરીત વાત કેમ બનેરે.
લેશું બળીયા સાથે બાથ, વીપરીત
નથી ખુટયાં ક્ષત્રીનાં નીર. વીપરીત.
ધરે ઢાલ બંદુકને તીર. વીપરીત.
તનયા જાય શું તુરકને ઘેર. વીપરીત.
તોતો વરતાય કાળોકેર. વીપરીત.
માથાં ઉડે પછી ખાય માલ. વીપરીત.
ખોળી ખોળી પાડી નાખું ખાલ. વીપરીત.
ધીઃક બેટી તણી ગ્રહી બાંય. વીપરીત.
ઝેર કેમ કરીને જીરવાય. વીપરીત.
હજી ફુટી નથી સમશેર. વીપરીત.

કામ કામ ગોતી મારૂં હેર. વીપરીત.
કાચાં કાળજ કાપી ખાય; વીપરીત.
રોળી રોળી મારૂં રણુમાંય. વીપરીત.

જયમલ— **હોરી.**

સુંણો બાત કહું વીસ્તારી, કોઈ તણી ફાવે નકારી. ટેક.
લોટમાં લુંણ ગણો રજપુતો, જોર જવન અતીભારી,
અભય સ્થળે જઈ આપણે વસવું, અંનજળ હોય અપારી;
તેની હવે કરો તૈયારી. સુંણો.

ચંદ્રશેન—અગ્ની જળને શસ્ત્ર શિકારી, ખાજ મળે ખુબ ધારી;
અંનની જરૂર જણાતી નથી હે, ખાલી કરો ન ખુવારી,
ધરો પગ જે સ્થળ ધારી. સુંણો.

જયમલ—મારૂં છેલ્લું પ્રશ્ન પીછાનો, લડવાનું કયું સ્થળ ભારી;

કુંભલનેરા—કુંભલગઢમાં જઈને રહેવું, મામા મદદ થનારી,
હઠી કદી જાશું ન હારી. સુંણો

હરીસીંહ—બુંદીકોટા હઠીલા હાડા, બેશ રહેવાની બારી;

ઈશ્વરસીંહ—માળવે જઈને મુકામ કરોને, રસભુમી રસદારી,
સુઘડ મતી થાશે તમારી. સુંણો.

જગમલ—મંડોવર મારી નજરે પડે છે, પ્રાચીન વંશની વારી;

ચંદ્રસેન—ઠીક બનારસ ધર્મ સ્થળે જવું,

ખુમો હજામ—જેસલ મેર છે ભારી,

અખુચારણ—ખુમાનું કહેતું ગુંણકારી. સુંણો.

જયમલ— **વણઝારો.**

જીવવાની જેને આશા, તે તુરત વળોને પાછા. ટેક.
સમશેર ઢાલ શર ધરવા, ભારથમાં ડગલાં ભરવાં;
કરે ખેલ મામલા ખાસા. તે તુરત.

(ચીતોડ નજીક લશકર લઇ આવ્યા ત્યાં મુસાફર કહેછે.)

દોહરો.

વક્ષ ઘટા ઘન ઘોરછે, સીંહ મહા જોરાણ;
માર્ગ ડરે મુસાફરો, ફુકે ફાટે પહાણ.

જેમલ—પાંચસો સ્વાર તૈયાર થઈ, બુંદીકોટા મુકામ;
નાખો શીકારે જાઉં છું, મારૂં સીંહને હામ.

ત્યારપછી ફતેહસીંહને વણઝારાની પોઠનો પતો લાગવાથી કીલ્લા નીચે ઉતર્યો, અને શશીવદનીને સંદેશો મળ્યો ત્યાં હરીસીંહ લડવા ગયો તે ગબડી પડ્યો. તેથી—

શશીવદની— અરશીયો.

હાય હાયરે ખુદા દીવાને ખુરી કરી.
ખુદા દીવાનેં ખુરી કરી, તારૂં પ્રાક્રમ જોઈ ઝુરી મરી રે. હાય૦
તન મન ધન જીવ અમારા, તેંતો પ્રાણ કર્યા નહીં પ્યારા;
મારા માટે મળ્યા છો ખુવારા રે, હાય૦
દેખી મને એ કોણ ખુશી થાશે, આવી વીપતરીત વાત કે'વાશે;
જાણ્યું નોતું જે ઝટ સ્વરગે જાશે રે. હાય૦

એટલામાં જેમલ આવ્યો અને ચીતોડ ગયા ત્યાંથી બાદશાહની કચેરીમાં ચોપાટ રમતાં ચાર ચીજ અકબરે જેમલ પાસે માગી તેથી જેમલ—

ક્ષત્રી કલંકનો રાગ.

અમે ક્ષત્રી તમે મુસલમાન, વીપરીત વાત કેમ બને રે.
જુવો જાત વિચારો નીદાન. વીપરીત.
અમે જોગ સમાધી ધ્યાન, વીપરીત.
તમે પઢો કલમાને કુરાન. વીપરીત.
કંકુ કેશર અમારે કપાળ, વીપરીત.

મેશ આંજો તમે તતકાળ. વીપરીત.

(અયેકાશ ગમ મેરા કભી જાએ ગાયા નહીં. એ રાહ.)

પેહેરે તમારે બંગડી, ચુડો અમારે ધામ;
ઇશ્વર અમારે ને તમારે, અલ્લા કેરૂં નામ.
અમે જમીએ એકલા, તમે જમો સહુ;
અમારે ગંગા દ્વારકાં, મકા તમારે કહું.
મસ્જીદ તમારે ને છે, મંદીર અમારે;
માટે મુગલ બેટીને, ગોતો ટેવ તમારે.

એમ કહી જાય છે ત્યાં—

ફતેહસીંહ—(જયમલ પ્રત્યે) ગીતીવ્રત.

ગુલાબી ચેહેરા ઉપર, પીળાશ કેરો પાશ ભારણુ શું;
સુંની આ ફુલવાડી, બાસ નહીં ફુલ માંય કારણુ શું,

બનેલી વાતનો હેવાલ કહી આપે છે પછી જયમલ અકબર સાથે કેટલોક વાદવીવાદ થાય છે તેથી અકબરની તીજોરી લુંટી છેવટ જયમલ પોતાની સ્ત્રીયો પાસે તલવાર ખેંચી મારી નાખવા તલવાર ઉગામેછે એટલે સ્ત્રીયો તથા તેની પુત્રી તથા માતુ શ્રી જયમલનો હાથ પકડીને—

સર્વે—(હાડાજી શું કરો સહાસ આ. એ રાગ.)

વણ અપરાધે અમને ન મારો, દયા લાવોને લગારી રે;
અંન ખવરાવી અમને ઉછેર્યા, આખર નાખવા મારી રે. વણ;
હાથ ધરી હથીયાર અમે સૌ, ઝીંતશું દુષ્ટ દુવારી રે, વણ.

શશીવદની—હાડાપુત્રી હું હાથ બતાવું, વેરીને નાખું હું વીદારીરે.
મુખ બાંધી નહીં અમને મારો, અરજ સુણોને અમારી રે;

સંદલ—છોડ ઉછરતો એ ન ઉખેળો, બેસું ન સુખની બારીરે.
પાળી અને પાય માલ કરો નહીં, કાયામાં છુટે કંપારી રે;

ડાશી—ઘરમેળ સારું ઘાણુ ન વાળો, ખોટી કરો ન ખુવારી રે.
જઇએ નાસીને ઝાડી પહાડીમાં, વીર જુઓને વીચારી રે;
સ્ત્રી હત્યા તણું પાપ બેસે શીર, નર્ક થશો અધીકારી રે.

જયમલ— **રાગ ક્ષત્રી કલંકનો.**

જીવ્યા કરતાં તો મરવુંછે શ્રેષ્ટ, ક્ષત્રીનાં નીર ખુટયાં નથીરે.
હીંદુ બેટી પડે તુર્કને હાથ, ક્ષત્રી.
પ્યારા ગણો છો તમારા આ પ્રાણ. ક્ષત્રી.
અવળી ગંગા વહે નીરવાણ; ક્ષત્રી.
ખુટયો જ્યારે કાકો આ વાર, ક્ષત્રી.
ગોત્ર હત્યા તે તો કરનાર. ક્ષત્રી.
જ્યારે પાગીયો ખુટી જાય, ક્ષત્રી.
ત્યારે ધક્કો ધણીને થાય; ક્ષત્રી.
લાજ લાજે ક્ષત્રી વીરમાત, ક્ષત્રી.
લાજે રજપુત કેરી જાત. ક્ષત્રી.
માટે છેદી નાંખું છું સર્વ, ક્ષત્રી.
રાખું નામ ઉતરશે ગર્વ; ક્ષત્રી.
(સર્વનો નાશ કરે છે.)

સમાપ્ત.

અગાઉથી ખરીદનારનાં નામો.

૨૦૦) બુકસેલર મગનલાલ જેચંદ ગોધાના દરવાજા પાસે.
૧૨૫) બુકસેલર પાનાચંદ તેજાભાઈ નવી કાપડ બજાર.
૧૦૦) ઠકર ઓધવજી જેઠાભાઈ.
૨૫) ઠકર પ્રાણજીવન હરખજી બુકસેલર નવી કાપડ બજાર.
૧૦૦) પુરશોતમ ગીગાભાઈ બરતેજના દરવાજા બહાર.
૨૫૦) બાલુ કહાનદાસ નવી કાપડ બજાર.
૧૫૧) બુકસેલર અબદુલ હુસેન આદમજી રૂપાપરીને દરવાજે.

જાહેર ખબર.

આપવામાં આવે છે કે નીચે લખેલી બુકો મારી પાસેથી તથા બીજી પીતાંબર વસ્તાની મીલના મેનેજર સુતાર પુરશોતમ મેઘજીભાઈ પાસેથી રોકડી કીમતે મળશે.

પૃથ્વીરાજ ચહુઆણ નાટક.	કીમત બે આના.
સીદ્ધરાજ જયસીંહ નાટક.	,, બે આનો.
રાણીકદેવી રાહ ખેંગાર નાટક.	,, બે આના.
ભર્તૃહરી નાટકનાં ગાયનો.	,, બે આના.
રાસલીલા નાટક.	,, એક આનો.
શ્રી કૃષ્ણ વિલાસ ગાયન	,, બે આના.
ઉદેપુરના રાણા રાજસીંહ નાટક.	,, બે આના.
ધર્મદર્પણ અંક ૧૧	,, ચાર આના.
પૃથુરાજ રાઠોડ નાટક.	,, એક આનો.
વાંઢા વિલાપ.	,, ચાર આના.
સોનગઢ સ્ટેશનનું વર્ણન.	,, બે આના.
ભાવનગર શેહેરની રચના.	,, એક આનો.
શુરવીર જયમલ નાટક.	,, એક આનો.
ભારત કથા સાર ગાયનરૂપી.	,, બે આના.
વીજળી વિલાપ.	,, સવા આનો.

મારા શીવાય મારી તમામ બનાવેલી બુકો નવી કાપડ બજારમાં ઠક્કર પ્રાણજીવન હરખજીની દુકાને અને બુકસેલર પાનાચંદ તેજાભાઈ તથા મણીયાર બાલુભાઈ કહાનદાસ અને શા. પુરશોતમ ગીગાભાઇ તેમજ વોરા અબદુલહુસેન આદમજી રૂપાપરીના દરવાજા પાસે અને ગુજરીમાં જનરલ બુકસેલર મગનલાલ જેચંદ પાસેથી રોકડી કીમતે મળશે નાટપેડ પત્ર લેવામાં આવશે નહીં.

(સહી) જોશી ભીખારામ શવજી કનૈયા.

ભાવનગર અંબાજીના વડ પાસે પખાલીવાડમાં.